મોડાસા પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ

અરવલ્લી જીલ્લામાં વરસાદે વિરામ લેતા અસહ્ય ઉકળાટ અને ગરમી વચ્ચે મોડાસા પંથકમાં આકાશે કાળા ડિબાંગ વાદળો ધસી આવી ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસા શહેર સહીત આજુબાજુ વિસ્તારમાં ભારે પવનના પગલે ૫ થી વધુ વૃક્ષો ધરાશાયી થવાની ઘટના બની હતી. બુધવારના બપોરના સમયે મોડાસા શહેરમાં ભારે બફારા અને ગરમી વચ્ચે વાતાવરણમાં ભારે પલટો આવતા ભારે પવન સાથે ગાજવીજ વરસાદી ઝાપટું પડતા અત્ર-તત્ર-સર્વત્ર પાણી ભરાયા હતા. મોડાસા લિઓ પોલીસ ચોકી નજીક ટ્રાફિક કેબીન ઉખડી પડતા રોડ પરથી પસાર થતા રીક્ષા સહેજ માટે બચાવ થયો હતો. મોડાસા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા ૧૫ મિનિટ પડેલા ભારે ઝાપટાએ શહેરીજનોને અને મોડાસા શહેરમાં કામકાજ અર્થે આવેલા લોકોને બાનમાં લીધા હોય તેવી સ્થિતિ પ્રવર્તી હતી. મેઘરાજાની ધબધબાટીએ વિરામ લેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

ભિલોડા બારેશી પ્રજાપતિ કેળવણી મંડળ ધ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા બારેશી પ્રજાપતિ કેળવણી મંડળની બેઠક ટાકાટુકા ગામમાં યોજાઈ હતી. પ્રજાપતિ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન મોમેન્ટો, ટ્રોફીઓ આપી કરાયું હતું.

ટાકાટુકા ગામના મહિમાબેન મુકેશભાઈ પ્રજાપતિએ વર્ષ - ૨૦૧૮ - ૨૦૧૯ માં લેવાયેલ બી.એસ.સી.ની પરીક્ષામાં ૭.૦ એસ.જી.પી.એ. ટકા મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ભિલોડા તાલુકા સહિત પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારતાં ભિલોડા બારેશી પ્રજાપતિ કેળવણી મંડળ, સામાજીક હોદેદારો,આગેવાનો ધ્વારા શિલ્ડ, ટ્રોફી, પ્રમાણપત્ર અર્પણ કરીને વિશેષ સન્માન કરાયું હતું.

અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ અધિકારીને સસ્પેન્ડ કરાયા

મોડાસા, તા. ૧૮

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં બેફામ રીતે ખનીજ ચોરી થઈ રહી છે. અરવલ્લી જીલ્લામાં કેટલાક ખનીજ માફિયાઓ તો જીલ્લા ખાણ ખનીજ અધિકારીની છત્ર છાયા નીચે રેતી અને કાંકરાની ચોરી કરી નદીઓના પાટ સાફ કરી નાખ્યા હતા. ડુંગરો-ડુંગરીઓના અસ્તિત્વ સામે ખતરો પેદા થયો હોય તેમ ડુંગરો જમીનદોસ્ત કરી મોટા પ્રમાણમાં પથ્થરો સહીત ખનીજ ચોરી કરી રહ્યા હોવા છતાં આચરવામાં આવતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું ત્યારે જ જીલ્લા ખાણ ખનીજ અધિકારી એન.પી. સંઘવી એ સાત વર્ષ અગાઉ મહેસાણામાં લીઝ આપવામાં ભારે ગેર રીતિ આચરવામાં આવી હોવાના કેસમાં કસુવાર જણાતા ગાંધીનગરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાની વડોદરા ખાતે બદલી કરી દેતા ખળભળાટ મચ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ અધિકારી તરીકે ફરજ બજાવતા એન.પી. સંઘવીએ ખનીજ માફિયાઓ અને ભૂ-માફિયાઓ સાથે સાંઠગાંઠ કરી મોટા પ્રમાણમાં ગેરરીતિ આચરવા આવી હતી. અરવલ્લી જીલ્લામાં ફરજ દરમિયાન આચરેલી ગેરરીતે માટે ગાંધીનગર ફ્લાયિંગ

સ્કોડ તાપસ કરે તો મસમોટું કૌભાંડ બહાર આવી શકે તેમ હોવાનું અને ગેરકાયદેસર ખાણ ખનીજનું ખોદકામ કરતા ખનીજ માફિયાઓને છૂટોદોર આપી દીધા પછી લાખ્ખો-કરોડો રૂપિયાનો દંડ ફટકારી કાયદાનો ડર બતાવી મોટા પાયે તોડ પાણી કરી સરકારી તિજોરીને વર્ષે-દહાડે લાખ્ખો-કરોડો રૂપિયાનું નુકશાન પહોંચાડવામાં આવ્યું છે.

જીલ્લા ખાણ ખનીજ અધિકારી એન.પી. સંઘવીની ખનીજ માફિયાઓ અને ભૂ-માફિયાઓ સાથે ભ્રષ્ટાચારની આડમાં ભાઈબંધી નિભાવતો હોય તેમ કોઈ પણ માહિતી પત્રકાર કે જાગૃત નાગીરીક માહિતી લેવા જાય તો બહાનાબાજી કરવામાં આવતી હતી અને માહિતી માંગનાર અંગેની માહિતી ખનીજ માફિયાઓને આપી દેવામાં આવતા ખનીજ અને ભૂ-માફિયાઓ માહિતી માંગનાર પત્રકાર કે જાગૃત નાગરિક પર ધાક-ધમકી કે પછી એનકેન પ્રકારે દબાણ લાવી સમગ્ર પ્રકરણ પર પડદો પાડી દેવામાં આવતો હોવાનું જાગૃત નાગરિકો અને પત્રકાર આલમમાં ચર્ચાઈ રહ્યું છે.

જીલ્લામાં બેફામ ખનીજની ચોરી થતા અને ખનીજ માફિયાઓને રક્ષણ આપતા મોડાસાના એક જાગૃત નાગરિકે અરવલ્લી જીલ્લા ખાણખનીજ અધિકારી એન.પી. સંઘવી વિરુદ્ધ પી.એમ.ઓ સુધી પણ રજુઆત કરવામાં આવી હતી. આખરે પી.એન. સંઘવીનું પાપ છાપરે ચઢી પોકારતા ૭ વર્ષ જુના કેસમાં સસ્પેન્ડ કરી દેવામાં આવતા ખાણ ખનીજ વિભાગમાં ચકચાર મચી છે.

આંજણા (ચૌધરી) પટેલ સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

ભિલોડા,તા.૧૮

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ગાંધીનગર શહેરમાં રહેનાર આંજણા (ચૌધરી) પટેલ સમાજના ભાઈઓ-બહેનોનું સ્નેહ સંમેલન કાર્યક્રમ ચૌધરી મહિલા કોલેજ કેમ્પસ, ગાંધીનગર ખાતે શેઠ શ્રી હરીભાઈ વેલજીભાઈ ચૌધરી (ચરાડાવાળા)ના અધ્યક્ષસ્થાને યોજાયું હતું.૨૦૦ પરીવારોમાં સરકારી અધિકારીઓ, વ્યવસાય સાથે સંકળાયેલા ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શેઠ શ્રી હરીભાઈ વેલજીભાઈ ચૌધરીએ શિક્ષણ ઉપર વિશેષ ભાર મુક્યો હતો. જશુભાઈ પટેલ, ખેડબ્રહ્મા, કનુભાઈ પટેલ, બાયડ, કેશુભાઈ પી.પટેલએ આંજણા (ચૌધરી) પટેલ સમાજના સર્વાંગી વિકાસ કાર્યમાં સહયોગ આપવા જણાવ્યું હતું. નરસિંહભાઈ જે.પટેલ,પ્રો.રાકેશભાઈ પટેલ, ખેતી નિયામક દિનેશભાઈ પટેલ,અનિલભાઈ પટેલ સહકારી ઓડીટર,નરસિંહભાઈ પટેલ,મુનાઈ સહિત સમાજના વિવિધ સંગઠનના આગેવાનોએ સમાજનો વિકાસ અને સંગઠન મજબુત બનાવવા હાકલ કરાઈ હતી.

ભિલોડામાં અરવલ્લી જિલ્લા કક્ષાની ફુટબોલ સ્પર્ધા યોજાઈ

ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત અરવલ્લી જીલ્લા કક્ષાની ભાઈઓની ફુટબોલ સ્પર્ધા ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલય પરીસરમાં ફુટબોલ સ્પર્ધામાં ૪૮ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.અરવલ્લી જીલ્લા કક્ષાની ફુટબોલ સ્પર્ધાની પુર્ણાહુતિ યોજાઈ હતી.સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,રમતગમત, યુવા,સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,જીલ્લા રમતગમત અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ફુટબોલ સ્પર્ધા યોજાઈ હતી.અંડર-૧૪ માં ભિલોડા પ્રકાશ મંદિરની ટીમ ચેમ્પીયન,ભિલોડા જન સેવા સંઘ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ રનર્સ અપ,અંડર-૧૭ સેન્ટ ઝેવિયર્સ અને ઓપન વિભાગમાં ડોડીસરા ગામની ટીમ ચેમ્પીયન થઈ હતી.જન સેવા સંઘ પ્રમુખ ગિરીશભાઈ ઉપાધ્યાય,ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી,ભરતભાઈ ત્રિવેદી સહિત કારોબારી સભ્યો,સંચાલકો,આચાર્ય,સંજયભાઈ ચૌધરી,ચિંતનભાઈ જોષીએ વિજેતા ખેલાડીઓને બિરદાવ્યા હતા.અરવલ્લી જીલ્લા ફુટબોલ સ્પર્ધા કન્વીનર મુકેશભાઈ સી.ત્રિવેદીએ સફળ સંચાલન કર્યું હતું.

ખેડબ્રહ્મા શહેરમાં જાહેર શૌચાલયનો મોતનો કૂવો

છેલ્લા દસ દિવસથી ખુલ્લા ગટરને લીધે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા શહેરમાં જાહેર શૌચાલયનો કૂવો ખુલ્લો હોવાથી માથુ ફાડી નાખે તેવી દુર્ગંધ આપી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી શૌચાલયનો કુવો ખુલ્લો હોવાથી લોકોમાં નગરપાલિકા પ્રત્યે આક્રોશ છે. બે દિવસ પહેલાજ સમી નજીક બનેલી ઘટનાને પગલે ખેડબ્રહ્માના રહીશોમાં વધુ ફફટાડ ફેલાયો છે. આ તરફ પાલિકાને વારંવાર ધ્યાન દોરવા છતાં જવાબદારી સામે નિષ્ફળતા દેખાઈ રહી છે. આ ખુલ્લો કૂવો પશુ કે માનવી માથે મોટું જોખમ દેખાઈ રહયું છે.

ખેડબ્રહ્મા શહેરના માણેક ચોક પાસે પાલિકાનું પે એન્ડ યુઝ શૌચાલય આવેલું છે. જેની પાછળના ભાગે ખાળકુવાનો ભાગ છેલ્લા કેટલાક દિવસોથી જર્જરીત બનતા તૂટી ગયો છે. આવી સ્થિતિમાં શૌચાલયના કૂવાનો ઉપરનો ભાગ ખુલ્લો પડી જતા મોતનું જોખમ ઉભું થયું છે. શૌચાલયનો કૂવો ખુલ્લો હોવાથી સ્થાનિકોને ભયંકર દુર્ગંધ મારી રહ્યુ છે સાથે દુર્ઘટની બીક આપી રહ્યો છે. સમગ્ર મામલે માણેકચોકના રહીશોએ પાલિકાને રજૂઆત કરવા છતાં ઠેરનું ઠેર છે. લોકોના જણાવ્યા અનુસાર સમીના ગુજરવાડા ગામે શૌચાલયના કૂવામાં ગરકાવ થતા પના મોત નિપજયાની ઘટના સામે આવતા સ્થાનિકો ફફડાટમાં આવી ગયા છે. શૌચાલયનો કૂવો ખુલ્લો હોવાથી મનુષ્ય સાથે પશુ કે પ્રાણી ગરકાવ થઈ જવાની સંભાવના છતાં પાલિકાના સત્તાધીશો નજરઅંદાજ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ખુલ્લા કુવામાં સંભવિત જાનહાની સામે જવાબદારીનો સવાલ ઊભો થયો છે. અંધારામાં ગમે ત્યારે ગમે તે કૂવામાં પડી જવાની પ્રબળ સંભાવના વચ્ચે સ્થાનિક નાગર પાલિકા પ્રત્યે આકારોશ દેખાઈ રહ્યો છે. આવનાર દિવસોમાં નવરાત્રિ અને દિવાળી ની ખરીદી માટે લોકો બજારમાં આવશે ત્યારે કોઈ અકસ્માત સર્જાશે તો જવાદરી કોની.

અરવલ્લી પોલીસ તંત્રની કામગીરીથી અનુ. જાતિ સમાજમાં ઉગ્ર રોષ

ખંભીસર વરઘોડા કેસમાં અનુ.જાતિ અગ્રણીને તડિપારની નોટિસ

મોડાસા, તા. ૧૮

મોડાસાના ખંભીસર ગામમાં અનુ.જાતિ સમાજના યુવકના લગ્નમાં ગામના જાહેર માર્ગો પર વરઘોડો કાઢવા માટે લગ્ન કરનાર યુવકના પરિવારજનોએ પોલીસ રક્ષણ માંગ્યું હતું, જેમાં પોલીસ રક્ષણ આપવામાં નિષ્ફળ રહેતા પટેલો અને અનુ.જાતિ સમાજના જૂથ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં પોલીસે અનુ.જાતિ આગેવાન હસમુખ સક્સેના સહીત બંને પક્ષના ટોળા સામે પોલીસને જાનથી મારી નાખવાના આશયથી હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે અરવલ્લી પોલીસે હસમુખ સક્સેનાને તડીપાર કરવા દરખાસ્ત કરતા મોડાસા પ્રાંત અધિકારીએ નોટિસ ફટકારી બચાવ કરવા માટે આધાર પુરાવા રજુ કરવા જાણ કરી ૧૯ તારીખે હાજર થવા તાકીદ કરતા રાજ્યના અનુ.જાતિ સમાજના લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં અનુ.જાતિ સમાજના અગ્રણીઓ અને સંગઠનોએ અનુ.જાતિ સમાજના અગ્રણી હસમુખ સક્સેના પોલીસતંત્ર દ્વારા ખોટી રીતે હેરાન પરેશાન કરવાના આશયથી અલગ-અલગ કલમો લગાડવામાં આવી છે તેમજ તડીપાર કરવાની નોટિસ આપવામાં આવતા દલિત સમાજની લાગણી દુભાઈ હોવાનું જણાવી આવેદનપત્ર આપવામાં આવ્યા હતા. અરવલ્લી જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી પોલીસતંત્ર ખોટી રીતે તડીપાર કરવા માંગતી હોવાની રજુઆત કરી હતી.

અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓએ કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, સામાજિક અગ્રણી હસમુખ સક્સેના કોઈ ગુન્હાહિત કૃત્ય કરેલ નથી અને ભૂતકાળનો પણ પોલીસ રેકાર્ડની તપાસ કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેશલેશ અભિયાનને સમર્થન આપવા દેશમાં સૌપ્રથમ કેશલેશ સમુહલગ્ન બાયડ ખાતે યોજ્યા હતા સમગ્ર દેશમાં અને રાજ્યમાં વ્યસન મુક્તિ અભિયાન પણ ચલાવી રહ્યા છે. સામાજિક સમરસતા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે ત્યારે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની ઉતાવળી કામગીરી સમરસતા અભિયાન માટે ભારે નુકશાન કારક બની શકે છે.

વડગામ તાલુકાના મેમદપુરમાં નમામી દેવી નર્મદે કાર્યક્રમ સાથે નરેન્દ્ર મોદીનો જન્મદિન ઉજવાયો

વડગામ તાલુકામાં આવતી જિલ્લા પંચાયત સીટના મેમદપુર, મગરવાડા, જલોતરા, તેનીવાડા, વડગામ, બસુ સહિતના ગામડાઓમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના

૬૯માં જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે નમામી દેવી નર્મદે મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં વડગામના મેમદપુર ખાતે આવેલા ખાડીયા તળાવમાં પાણીના વધામણા કરીને નમામી દેવી નર્મદે મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેનાએ જણાવ્યું હતું કે ૧૩૮.૬૮ની ઉંચાઇ ધરાવતા નર્મદા ડેમ છલોછલ ભરાઈને છલકાતો આનંદ વ્યક્ત કરાયો હતો તેમજ પી.એમ. મોદી દ્વારા કેવડીયા કોલોની ખાતેથી વધામણા કરીને સમગ્ર ગુજરાતમાં નમામી દેવી નર્મદે મહોત્સવ યોજવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું હતું. જિલ્લા પંચાયત સદસ્યએ જણાવ્યું કે સુજલામ સુફલામ્ યોજના થકી કેનાલો થકી ગુજરાતના ખેડૂતોને મળી તેવી યોજનાઓ વર્તમાન સરકાર દ્વારા કરાઇ છે. ખેતી અને લોકોને પીવા માટે મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. વધુમા જણાવ્યું હતું કે વડગામ તાલુકાને પણ નર્મદાનું પાણી મળી રહે તે માટેના પ્રયત્નો કરાઇ રહ્યા હોવાનું જણાવ્યું હતું. બાદમા મેમદપુર સામુહીક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને ફુટ વિતરણ કરીને નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણી કરવામા આવી હતી. જેમા વડગામ પુરવઠા નાયબ મામલતદાર એસ.ડી. પંડયા, તાલુકા શિક્ષણાધિકારી દેસમુખ, વડગામ તા.પં. ડેલીગેટ તેમજ તાલુકા ફેર એશોસીએશનના પ્રમુખ રાજેન્દ્રસિહ રાઠોડ, મેમદપુરના મહીલા સરપંચ મંગુબેન ભાટીયા, તલાટી દીનેશભાઈ ચૌધરી, ગામના વડીલ આગેવાન મોબતાજી રાઠોડ, ભાજપ અગ્રણી વસરામભાઇ ભાટીયા, મનુભાઇ જેગોડા, નાનજીભાઈ ભાટીયા, મેડીકલ ઓફિસર ડૉ.રણજીતદાન ગઠવી, રતુજી રાણા, રામજીભાઈ કરેણ, દીપક પંડ્યા, દિલીપ શ્રીમાળી, મેમદપુર પંચાયતના કલાર્ક વિનોદભાઇ નાઇ, સેવક મોહનલાલ ઠાકોર મેમદપુર જિલ્લા પંચાયત સીટમાં આવતા પેપોળ તલાટી મયંક પરમાર, મેગાળ પંચાયત તલાટી, મોટી ગીડાસણના તલાટી, પિલુચા તલાટી, નાની ગીડાસણ સહિતનાના તલાટીઓ સરપંચો સાથે મેમદપુર પેપોળ, મેગાળ સહીતના ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઊંઝા ખાતે હાઈવે પરના સર્વિસી રોડની બાજુમાં એક કારખાના આગળ છેલ્લા બે માસથી મોટી ગટર લાઈન પર ઢાંકણ ન હોઈ આસપાસના વ્યવસાયકારો, રાહદારીઓ તેમજ વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. અહીંથી રોજિંદા અસંખ્ય વાહનોની આવ-જા થાય છે. મોટી ગટરલાઈન પર ઢાંકણાના અભાવે ગમે ત્યારે અકસ્માત યા જાનહાનિ થાય તેવી સ્થિતિ પેદા થઈ છે. આ બાતે આ વિસ્તારના ધંધાર્થીઓએ સ્થાનિક નગરપાલિકામાં રજૂઆત કરી હતી પરંતુ પાલિકાતંત્રનુ કહેવુ છે કે આ અમારામાં આવતુ નથી. આ મામલે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ જાણે નિષ્ક્રિય હોય તેવી છાપ ઉભી થઈ છે.